કાતરીના ટાણે મોસમ આડકતરી રીતે વિલન બની

બટાકા સસ્તા અને તાજા મળતા હોવાથી કાતરી પાડવામાં વ્યસ્ત ગૃહિણીઓની વરસાદે મજા બગાડી : પાપડ-સારેવડાં પણ ભીના કરી મુકતા મહિલાઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ફરી એકવાર વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને બરફના કરાં અને વાવાઝોડા સાથેનો તોફાની વરસાદ નગરને ઘમરોળી રહ્યો છે. નગરની ગૃહિણીઓ અત્યારે બજારમાં બટાકા બટાકાની ખરીદી કરી તેની 'કાતરી' અને ચોખાના પાપડ પાડવામાં વ્યસ્ત બની હતી અથવા તે માટેની તૈયારીઓ આરંભી દીધી હતી. પરંતુ ખરા ટાણે વાતાવરણમાં ફેરફાર આવતા મહિલાઓએ ચિંતામાં ગરકાવ થઈ જવા પામી છે. ઘણી ગૃહિણીઓએ તો કાતરી પાડીને

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તાજા અને સસ્તા મળતા હોવાથી તેની કાતરી પાડવામાં વ્યસ્ત બની હતી. ત્યાં મૌસમ તેમાં આડકતરી વિલન બની રહી હોવાથી મહિલાઓ ચિંતિત બની છે. આ ઉપરાંત કણકીના પાપડ-સારેવડાં પણ વરસાદથી પલળી જવાના કિસ્સા બનતા ગૃહિણીઓનો 'મૂડ ઓફ' થઈ ગયો છે.

છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણ એકદમ ચોખ્ખુ હતુ અને સૂરજદાદા પણ ધીમે ધીમે તેમનો તાપ વધારવામાં વ્યસ્ત બન્યા હતા. આ સમયે શહેરના શાકમાર્કેટમાં તાજા બટાકાના થોકબંધ માલની આવકો શરૂ થતાં તેના ભાવો ગગડીને તળીયે આવી ગયા હતા. આ સમયનો લાભ ઉઠાવી નગરની ગૃહિણીઓએ ધાબે સુકવવા મુકી હતી ત્યાં અચાનક આવેલા વાવાઝોડાએ સૂકવેલ કાતરી વેરવિખેર કરી મુકી હતી અને કાતરી-સારેવડા વગેરે વરસાદે ભીની કરી મુકતા તેમની મહેનત પર પાણી ફરી વળ્યુ હતુ. ઘણી મહિલાઓએ બટાકા ખરીદીને રાખ્યા છે પણ મૌસમનો મિજાજ જોઈ કાતરી પાડવાની હિંમત કરી નથી. તેમજ કણકીના પાપડ-સારેવડા વગેરેના આયોજનો પણ મુલત્વી રાખવા પડી રહ્યા છે. જે મહિલાઓએ કાતરી પાડી દીધી છે અથવા પાપડ-સારેવડા બનાવી દીધા છે તેમણે સતત વૉચ રાખી આકાશમાં વાદળો દેખાતા જ ધાબેથી કાતરી-પાપડ સારેવડા નીચે ઉતારી લેવાની મથામણ તાત્કાલિક કરવી પડી રહી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આંબેડકર જયંતિના અવસરે આગામી તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૮.૧૫ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર 'પ્રતિમા સંકુલ' ગુજરાત વિધાનસભા સામે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તથા રાત્રે ૮.૩૦ વાગે માહિતી ખાતાના સૌજન્યથી 'લોક ડાયરો' યોજાશે.

વિધાનસભાની સામે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે દર વર્ષે આંબેડકર જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવે છે. આંબેડકર જયંતિના અવસરે મંગળવારે સવારે યોજાનાર પુષ્પાંજલિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, ગાંધીનગરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય શ્રી સી. જે. ચાવડા, ગાંધીનગર નાગરિક બેંકના એમ.ડી. શ્રી વિક્રમભાઈ પટેલ, ગુર્જર આંબેડકરવાદી શ્રી ડૉ. નિતિનભાઈ, દલિત સાહિત્યકાર શ્રી બી. કેશર શિવમ આ અવસરે ખાસ ઉપસ્થિત રહેશે. તેમજ અગ્રગણ્ય નાગરિકો, બોર્ડ નિગમના ચેરમેનશ્રીઓ, રાજકીય આગેવાનો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મનપાના કોર્પોરેટરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહેશે તથા વિવિધ સેક્ટરોના નાગરિકો પણ આ અવસરે હાજર રહેશે.

સેક્ટર-૧૫માંથી દસ વર્ષના મુકબધિર બાળકનું અપહરણ...!

બે દિવસથી લાપતા થઈ ગયેલા બાળકનો હજુ પત્તો લાગ્યો નથી : સે-૭ પોલીસની ટીમ દોડતી થઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં રહેતા દશ વર્ષના મુકબધિર બાળકનું અપહરણ થઈ ગયાની ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી જવા પામી છે. મુકબધિર તથા માનસિક બિમારીથી પીડાતો આ બાળક બે દિવસથી લાપતા છે. હજુ સુધી તેના કોઈ સગડ ન મળતા પાણીપુરીનો વ્યવસાય કરતાં તેના પિતા પોલીસના શરણે થયા છે. સે-૭ પોલીસને ઘટનાની જાણ કરતાં પી.આઈ. એલ.બી. મોણપરાએ અપહરણનો ગુનો દાખલ કરી ગુનાની ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરી છે.

સેકટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં રહેતા બે સગા ભાઈઓ પાણીપુરીનો ધંધો કરે છે. જેમાં બાબુરામ ખચ્ચુરામ રાજપૂતને બે

દિકરાઓ અરવિંદ (મોટો) અને અર્જુન (નાનો) છે. મોટો ૧૦ વર્ષનો દિકરો અરવિંદ માનસિક બિમારીથી પિડાતો હતો અને તે બોલી પણ શકતો ન હતો. ૧૦મી તારીખે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં તે ઘરની બહાર નીકળ્યો ત્યાર બાદ ઘરે પરત આવ્યો નથી. આસપાસના પાડોશીઓના ઘરે તથા સગા વ્હાલાઓના ઘરે પણ શોધખોળ કરવા છતાં તેની ભાળ મળી નથી. આખરે બાબુરામે સે-૭ પોલીસને ફરિયાદ કરતાં પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તેને કોણ ઉપાડી ગયું હશે કે કયાં ચાલ્યો ગયો હશે? તે અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અરવિંદે શરીરે લીલો શર્ટ, બ્લેક પેન્ટ અને પગે સ્લીપર પહેર્યા છે.

આજે મોટી સંખ્યામાં દલિત યુવાનો આતશબાજીમાં જોડાશે

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં માનમાં ગાંધીનગર ખાતે 'ભીમ દિવાળી'નું ભવ્ય આયોજન

ગાંધીનગર,તા.૧૨

રાજ્યનાં પાટનગર ગાંધીનગર ખાતે વિધાનસભા સામે આવેલ ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેને ખાસ કરીને 'ભીમ દિવાળી' નામ આપવામાં આવ્યું છે.

દલિતોનાં મુક્તિદાતા અને વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતનાં બંધારણનાં ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિનાં એક દિવસ પૂર્વે એટલે કે આજે તા.૧૩મીનાં રોજ ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં સર્વે દલિત ભાઈ-બહેનોને આવવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમને આયોજકો તો તેમની આગવી સૂઝ અને સમજથી ભવ્ય બનાવશે જ અને આ સ્થળે જોરદાર આતશબાજી કરશે પણ આવનાર મિત્રોને પણ જો પોતાનાં ઘરેથી ફટાકડાં લાવી આ કાર્યક્રમમાં જોડાવું હોય તો પણ જોડાઈ શકશે.

આ કાર્યક્રમને ભવ્યાતિભવ્ય બનાવવા માટે મોટી સંખ્યામાં આપણાં ભાઈ-બહેનોને જોડાવા માટે ભાવભર્યું નિમંત્રણ છે.

આ કાર્યક્રમ અંગેની વધુ માહિતી અને ભાગ લેવા માટે દેવેન રતિલાલ વર્મા (ફોનઃ- ૯૦૯૯૦ ૧૧૧૧૧), હસમુખ સકસેના (ફોન :-૯૪૨૭૦૫૮૯૪૬, શૈલેષ જાદવ (ફોન :- ૭૬૦૦૦૦૮૭૪૭), અરૂણ સાધુ (ફોન :- ૯૨૨૮૨ ૯૯૫૯૦)નો સંપર્ક કરવો.

જનકપુર-નેપાળ રામકથાના પીડીતો મુખ્યમંત્રીને આવેદનપત્ર આપશે

ગાંધીનગરના યાત્રીઓની સંકલન સમિતિની બેઠક યોજાઈ : દરેક જિલ્લે લડત ચલાવવા સમિતિ મક્કમ : લોક વિચાર સેવા ટ્રસ્ટનું રજીસ્ટ્રેશ રદ કરાવાશે

ગાંધીનગર, તા.૧૨

જનકપુર-નેપાલમાં રામકથાના નામે ઠગાઈનો ભોગ બનનાર ગાંધીનગરના સિનીયર સીટીઝન્સ શ્રધ્ધાળુઓની એક મિટીંગ તા. ૧૦મી એપ્રિલે સે-૧૬માં પાટનગર યોજના ભવન સામેના બગીચામાં મળી હતી. આ મીટીંગમાં સંકલન સમિતિ બનાવી મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા તેમજ દરેક જિલ્લામાં પ્રતિનિધિ નિમી લડત આપી ઠગાઈ કરનાર લોક વિચાર સેવા ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદ કરાવવા જેવા ઠરાવ કરવામાં આવ્યા હતાં.

ગાંધીનગરના ભોગ બનેલા પ્રવાસીઓની બેઠકમાં લગભગ ૬૦થી વધુ શ્રધ્ધાળુયાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં અમદાવાદ, કલોલ, મહેસાણા, પાલનપુર વગેરે સ્થળોએથી પણ ભોગ બનેલા વડીલોએ બેઠકમાં ભાગ લીધો હતો. કોઈ પણ ભોગે લડીને પણ પોતાની જીવનભરની બચાવેલ મૂડી પરત લેવી તેવા સહિયારા આક્રમક સૂર સાથે વડીલોએ બેઠકમાં વિવિધ ઠરાવ પસાર કર્યા હતા. આ ઠરાવોમાં સૌ પ્રથમ ૫ થી ૭ વ્યકિતઓની એક સંકલન સમિતિ બનાવી મુખ્યમંત્રી તેમજ લાગતા વળગતા મંત્રીઓ તેમજ પદાધિકારીઓને આવેદનપત્રો આપવા અને મીડીયાને માહિતગાર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત વધુ લડત માટે રાજયના દરેક જિલ્લામાં પ્રતિનિધિ નીમી ભોગ બનેલા યાત્રીઓની મીટીંગ યોજી જિલ્લા કલેકટરો અને ડીએસપીને આવેદન પત્ર આપવા તેમજ લોક વિચાર સેવા ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદ કરાવવા અંગેનો નિર્ણય પણ લેવાયો હતો. આ બેઠક અને લડત બાબતે ભોગ બનનાર યાત્રીઓએ વધુ માહિતી મેળવવા મહેન્દ્ર ચૌહાણ, કૃષ્ણકુમાર રાણા, કાંતિભાઈ કડીયા, શશિકાત પનારા અથવા રજનીકાંત શુકલનો સંપર્ક સાધવા જણાવાયું છે.

વિટકોસે કલોલનો નવો રૂટ શરૂ કર્યો

ગાંધીનગરના મુસાફરોને સસ્તી સેવા ઉપલબ્ધ : ઉનાવા, ચાંદખેડા, ચિલોડા પછી કલોલ તરફની મળેલી સુવિધા, ચિલોડા ઘ-રોડની પ્રચંડ માંગણી અવગણાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં શહેરી બસ સેવા વિટકોસ શહેર અને તેની આજુબાજુના વિસ્તારોના મુસાફરો માટે મુસાફરીનો શ્રેષ્ઠ પર્યાય બની છે. જેમાં તાજેતરમાં વિટકોસ કલોલ નવો રૂટ શરૂ કરી વધુ એક મુસાફરી માટેની સુવિધા ઉભી કરી છે. જો કે શહેરના સેક્ટરો માટે આ સેવા બિનઉપયોગી બની રહેતા નગરના લોકો શહેરી બસ સેવાની મુસાફરીથી સતત વંચિત રહે છે. વિટકોસે ઉનાવા, ચાંદખેડા, ચિલોડા પછી કલોલ તરફ નજર દોડાવીને કલોલ બાજુના મુસાફરોને અનુકુળતા રહે તેવું આયોજન કર્યુ છે. જે માટેનું સમયપત્રક પણ વિટકોસના ડેપો ખાતે લગાવી દેવાયુ છે. ચિલોડા-ઘ-રોડ માટેની નગરજનોની સતત માંગણીને અવગણીને સંચાલકોએ કમાણી આપતા વધુ એક રૂટને શરૂ કરીને નગરજનોનો રોષ વોર્યો છે.

પાટનગરમાં નરેન્દ્ર મોદી સરકાર સમયે શહેરી બસ સેવા શરૂ કરવા માટેના પ્રયાસ રૂપે વિટકોસને મંજુરી અપાઈ હતી. જેમાં ગ્રિનસીટી માટે લીલા રંગની બસ તથા સીએનજી બસોનો આગ્રહ રખાયો હતો તે મુજબ વિટકોસે નગરજનોની જરૂરિયાત મુજબ વિટકોસ બસો શરૂ કરી હતી અને આજે આ વિટકોસ બસ શહેર કરતાં આજુબાજુના વિસ્તારોમાં વધુ ઉપલબ્ધ બની છે. ઉનાવા, ચાંદખેડા, ચિલોડાના કમાણી કરતાં રૂટમાં તાજેતરમાં વિટકોસે કલોલની બસ શરૂ કરી મુસાફરોને અંકે કરવા કમર કસી છે. જો કે સસ્તી સેવા મળી રહેતા મુસાફરો પણ વિટકોસના આ રૂટને પસંદ કરી રહ્યા છે.

વિટકોસે હાલમાં ત્રણ બસો મુકી કલોલના રૂટને શરૂ કર્યો છે. વાયા અડાલજ ત્રિમંદિર થઈ કલોલ જતી આવતી વિટકોસનું સમયપત્રક પણ બનાવી દેવાયુ છે. વિટકોસની સેવા અંગે અનેક ફરીયાદો વહીવટીતંત્ર સમક્ષ થયેલી છે જેથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને તાજેતરમાં ટેન્ડર પ્રક્રિયા આરંભી હતી અને છેવટે

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સરકારના સહકારથી કોર્પોરેશન શહેરી બસ સેવા શરૂ કરવા અંગેના ત્વરિત પ્રયાસો આરંભી દીધા છે. ગ્લોબલ વોર્મિંગના કારણે સીએનજી બસો જ નગરમાં ફરવી જોઈએ જેનો છેદ વિટકોસે ઉડાડી દઈ હાલ ડિઝલ બસો જ ચલાવી રહ્યા છે. વધુમાં કિ.મી. પુરી થયા હોવા છતાં ખખડધજ બસો મુસાફરોના જીવના જોખમે હંકારી રખાય છે.

છતાં પણ કલોલનો શરૂ થયેલો નવો રૂટ એસ.ટી. બસોનો મુસાફરોને પર્યાય બની રહેશે અને મુસાફરો તેનો લાભ ઉઠાવી રહ્યા છે. જો કે ઘ-રોડ ચિલોડા બસ શરૂ કરવા નગરજનોએ ફરી એકવાર પ્રચંડ માંગ કરી છે.

નરોડાના યુવાનનો ઝુંડાલ કેનાલમાં ઝંપલાવી આપઘાત

૧૮ વર્ષનો દિકરો મૃત્યુ પામ્યો હતો ત્યારથી અપસેટ રહેતા હતાં

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને ઝુંડાલ નર્મદા કેનાલમાં પડતુ મુકીને જીવન લીલા સંકેલી નાંખી હોવાની વિગતો બહાર આવી છે. પોતાનો એક વ્હાલ સોયો દિકરો ૧૮ વર્ષનો થયો ત્યારે દેવલોક પામી જતાં ત્યારથી અપસેટ રહેતા આ યુવાને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ગઈ મોડી સાંજે કેનાલ સિકયુરીટી ગાર્ડની ઝુંડાલ નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા તેણે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં છેલ્લા પાંચેક દિવસથી લાપતા થયેલા નરોડા વિસ્તારના નાથાભાઈ રામજીભાઈ જાખલનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. વાલીવારસ અને પરિવારજનોને જાણ કરીને બોલવી લઈ મૃતક નો મૃતદેહ પી.એમ. માટે ગાંધીનગર સિવિલ લઈ જઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. પોલીસને પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે નાથાભાઈનો ૧૮ વર્ષનો દિકરો મોતને ભેટયો હતો ત્યારથી આઘાતમાં સરી પડેલા નાથાભાઈ સતત અપસેટ રહેતા હતાં. આ કારણોસર અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા પોલીસે વ્યકત કરી છે.

સામાજીક ન્યાય સંગઠન ડૉ. બાબા સાહેબને હારતોરા કરશે

ગાંધીનગર, તા.૧૨

ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી ગુજરાત સામાજીક ન્યાય સંગઠન દ્વારા કરવામાં આવશે. સામાજીક ન્યાય સંગઠનના અધ્યક્ષની આગેવાની હેઠળ પ્રેરણાભૂમિ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સર્વે ભીમ રક્ષકોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. ડૉ. બાબા સાહેબની જન્મજયંતિ ૧૪ એપ્રિલ સવારે ૯-૦૦ વાગે ફુલહાર અર્પણ કરવામાં આવશે.

આમ આદમી આજે રાજ્ય પોલીસ વડાને આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૧૨

બુટલેગરને પકડવા માટે ગયેલા પોલીસ અધિકારી અર્જુનસિંહ વાળાને બુટલેગરે કાર ચડાવી દેતા ૧૯ દિવસ બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. તેના પરિવારને માત્ર રૂ. પાંચ લાખનું વળતર ચુકવી બહુ શિફતપૂર્વક હાથ ખંખેરી લીધા છે. ગુજરાત સરકારે તેના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીના ગુજરાતના કાર્યકરો દ્વારા આજે ગાંધીનગર ખાતે રાજ્ય પોલીસ વડાને આવેદનપત્ર આપશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨

સૂર્યાસ્ત : ૭.૦૦

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૬૮ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૪ :

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫

ધરમ સંકટ મેં : ૬.૪૫

સ્ક્રીન-૩ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦

બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

લીલા : ૧૦.૦૦

ધરમ સંકટ મેં : ૩.૪૫

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

લીલા : ૬.૩૦

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫

ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

આપની આજ

મેષ : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : કામની સફળતામાં સંદેહ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : તમારો આત્મવિશ્વાસ વધશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : સ્વયંની આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક આવશે. પરાક્રમી પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : માનસિક સંતોષ પ્રસન્નતા રહશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. મીનાક્ષીબેન અરવિંદભાઈ પંચોલી (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૪૮૧/૨, સે-૨બી, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મણદાસ સીતારામદાસ ભટ્ટ (ઉ.વ.૬૧) મુ. પીંપલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. હંસાબેન મંગાજી ઠાકોર (ઉ.વ.૬૫) ગામ - પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પાયલબેન કાનજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૨) મુ. વાવોલ, કુબેરનગર, તા.જી. ગાંધીનગર
- સ્વ. માણેકલાલ પ્રહલાદદાસ પટેલ (ઉ.વ.૬૫) ગામ - સાલડી, તા.જી. મહેસાણા